R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 29 DATE: 21-07-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ભીડતંત્રને કડક હાથે ડામી દેવા સુપ્રીમ કોર્ટની કેન્દ્રને ચીમકી



દેશભરમાં બેરોકટોક જારી ટોળાઓની હિંસા પર આક્રોશ વ્યક્ત કરીને સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે ભીડતંત્રને મંજુરી ન આપી શકાય અને તેને અટકાવવા માટે સંસદમાં કાયદો બનાવવો અનિવાર્ય છે.શાંતિ સ્થાપન અને અનેકવિધતાવાદી સમાજનું રક્ષણ કરવાની જવાબદારી રાજ્યોની છે. તેમ કહીને સુપ્રીમ કોર્ટે કહ્યુ કે તે ભીડને હિંસા કરવાથી અટકાવે અને પીડીતોને યોગ્ય વળતર આપે. સુપ્રીમે આ અંગે હવે ૨૦મી ઓગષ્ટે આગળની કાર્યવાહીની સમીક્ષા કરવાની તૈયારી બતાવી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે ભીડતંત્રની ભયાનક પ્રવૃત્તિઓ રોકવા માટે નવા કાયદો બનાવવો જરુરી છે.અને તેના અંગે આકરા હાથે કામ લેવાની જરુર છે.કોઈને પણ કાયદો હાથમાં લેવાનો અધિકાર નથી. ભય અને અરાજકતાનો માહોલ ઉભો કરનારાઓની સામે રાજ્ય કાર્યવાહી કરે. હિંસાની મંજુરી ન આપી શકાય.ઉલ્લેખનીય છે કે છેલ્લા અનેક વર્ષોમાં એવી કેટલીક ઘટનાઓ બની છે કે જ્યારે ગૌરક્ષા અને બાળક ચોરના નામે ભીડે મારામારી કરીને અનેક લોકોની હત્યા કરી નાંખી છે.૨૦૧૨થી માત્ર ગૌરક્ષાના નામે અત્યાર સુધીમાં આવી ૮૫ ઘટના બની છે.આ ઘટનામાં અત્યાર સુધીમાં ૩૩ લોકોના જીવ ગયા છે.ગૌરક્ષાના નામે થયેલી હિંસા સબંધિત અરજી પર ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને જસ્ટી ડી વાય ચંદ્રચુડની બેન્ચે સુનાવણી કરી હતી.

## સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓ માટે એમએસસીમાં ૫% બેઠકનો નિયમ ગેરબંધારણીય ઠરાવતી હાઇકોર્ટ : હવેથી કોલેજના વિદ્યાર્થીઓ તમામ બેઠકો પર દાવેદારી કરી શકશે

સેંટ ઝેવિયર્સ કોલેજમાંથી બીએસસી પાસ કર્યા બાદ એ જ કોલેજમાં એમએસસીમાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓ માટે માત્ર પાંચ ટકા બેઠકો અનામત રાખવાનો ગુજરાત યુની.નો એડમિશન રુલ ૧૦.૨ હાઈકોર્ટે ગેરબંધારણીય જાહેર કરી રદ બાતલ ઠેરવતો મહત્વનો ચુકાદો આપ્યો હતો.હાઈકોર્ટના ચીફ જસ્ટીસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટીસ વી.એમ. પંચોલી ની ખંડપીઠે ચુકાદો આપતાં જણાવ્યુ હતું કે વિદ્યાર્થીઓની અરજીને અંશતઃ ગ્રાહ્ય રાખી હતી.ખંડપીઠે નોધ્યું હતું કે ગુજરાત યુની. એડમીશન રુલ્સ ૨૦૧૮(માસ્ટર ઓફ સાયંન્સ એન્ડ પી.જી ડીપ્લોમા) ૧૦.૨ બંધારણીય જોગવાઈઓથી વિપરિત, મનસ્વી અને ભેદભાવ યુક્ત છે.

આ સાથે હાઈકોર્ટે રિટને અંશતઃ ગ્રાહ્ય રાખી યુની.એ ઘડેલા નિયમને ગેરબંધારણીય ઠેરવતાં યુની. ને મોટો ફટકો પડ્યો છે. સમગ્ર મામલે અરજદાર વિદ્યાર્થીઓ મીતકુમાર પટેલ અને અન્યો વતી એડવોકેટ પરિતોષ ગુપ્તાએ રીટ પીટીશન કરીને ગુજ.યુની.ના એડમિશન માટેના ૧૦.૨ને ગેરબંધારણીય જાહેર કરવાની દાદ માંગી હતી. રિટમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે સેંટ ઝેવિયર્સમાંથી ૭૦ ટકા સાથે અરજદારોએ બીએસસી કર્યું છે. હવે તેઓ આજ કોલેજમાં એમએસસી કરવા ઈચ્છે છે.પરંતુ ગુજ.યુની.ના નવા રુલ્સના પગલે તેમને પ્રવેશ મળી શકે તેમ નથી.સેંટ ઝેવિયર્સ કોલેજ એક સ્વાયત સંસ્થા છે.પરંતુ એ ગુજ.યુની.નોજ એક ભાગ છે.તેથી તેઓ વિદ્યાર્થીઓ વચ્ચે આ પ્રકારનો ભંદભાવ રાખી શકે નહીં.આ નવા નિયમ મુજબ ધારો કે કોઈ કોલેજમાં એમએસસીમાં ૩૦ બેઠકો હોય તો તે પૈકી માત્ર બે જ કોલેજમાંથી પાસ થયેલા વિદ્યાર્થીને મળશે.એ પૈકી પણ એક બેઠક અનામત વર્ગના વિદ્યાર્થીને આપવાની રહેશે. બાકીની બેઠકો અન્ય કોલેજના વિદ્યાર્થીઓને મળશે.બંધારણના અનુચ્છેદ ૧૪નો આ રુલ્સના લીધે ભંગ થતો હોઈ તેને બંધારણથી વિપરિત જાહેર કરી રદબાતલ કરવો જોઈએ.

વધુમાં એવી રજુઆત પણ કરવામાં આવી હતી કે યુની.નો આ નિયમ બંધારણની વિભાવનાનો તો ભંગ કરે છે. પરંતુ તેની સાથે સાથે સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓને પણ અન્યાય કરે છે.સેન્ટ ઝેવિયર્સના અરજદાર વિદ્યાર્થીઓને અભ્યાસ માટેની નિપક્ષ તકોના અધિકારનું પણ હનન કરે છે.જ્યારે કે અન્ય કોલેજના વિદ્યાર્થીઓ ઓછા માર્કસ લાવ્યા હોય તો પણ તેમને ઝેવિયર્સમાં પ્રવેશ મળે છે. જે મુદો તદન ગેરવ્યાજબી છે. આ રુલ્સના પગલે સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી સાયન્સમાં સ્નાતક કરનારા વિદ્યાર્થીઓ અને યુની.સંલગ્ન અન્ય કોલેજમાંથી સ્નાતક કરનાર વિદ્યાર્થીઓ વચ્ચે ભેદ કરી દેવામાં આવ્યો છે. જે અરજદાર વિદ્યાર્થીઓના ઉજ્જવલ ભવિષ્ય સાથે પણ ચેડા સમાન છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કોગ્રેસી સાંસદ શરુ થરુરની ઓફીસમાં ભાજપના કાર્યકરો દ્વારા તોડફોડ કરાઇ

ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ તિરુવનંતપુરમમાં શરુ થરુરના મત વિસ્તારમાં આવેલી તેમની ઓફીસમાં તોડફોડ કરી હતી.શરુ થરુરે જણાવ્યુ હતું કે ભાજપી કાર્યકરો એ તેમની ઓફીસની દીવાલો, દરવાજા અને સાઈનબોર્ડસ પર કાળું ઓઈલ પર લગાડી દીધું હતું.ભાજપના કાર્યકરોએ તેમને જાનથી મારી નાંખવાની પણ ધમકી આપી હતી.થરુરે કહ્યુ હતું કે યુવા મોરચાના કાર્યકરોએ તેમની ઓફિસની બહાર કોઈ પ્રશ્નના ઉકેલ માટે આવેલા સ્થાનિક લોકોને પણ ભગાડી દીધા હતા.તેમણે ઓફિસની બહાર 'હિન્દુ-પાકિસ્તાન' ઓફિસનું બેનર મારી દીધું હતું.અને થરુર વિરુધ્ધ સુત્રો ચ્ચાર કર્યો હતો.થરુરને પાકિસ્તાન જતા રહેવાનું કહેવામાં આવ્યુ હતું.ભાજપ ૨૦૧૯માં સત્તા પર આવશે તો ભારત હિન્દુ પાકિસ્તાનમાં ફેરવાઈ જશે.તેવા કોગ્રેસ નેતાના નિવેદનના ત્રણ દિવસ બાદ આ ઘટના બની છે. જો કે ઘટના સમયે તેઓ ઓફિસમાં નહોતા..આ વિરોધ સામે સવાલ ઉઠાવતાં શરુરે સવાલ કર્યો હતો કે શું દેશના લોકો આ ઈચ્છે છે ? લોકો તેમની સમસ્યા લઈને અહીં આવ્યા હતા અને તમે તેમને ડરાવીને ભગાડી દીધા.

## ટ્રક ટ્રાન્સપોર્ટર્સની અચોક્કસ મુદતની હડતાલનું એલાન

દેશભરમાં ૨૦મી જુલાઈથી અચોક્કસ મુદત માટે ટ્રક ટ્રાન્સપોર્ટર્સની હડતાલનું એલાન અપાયું છે.તેના પગલે ટ્રાન્સપોર્ટએસો.એ હાલમાં નવા બુકીંગ લેવાના બંધ કરી દીધા છે.લાંબા રુટમાં હડતાલ સુધીમાં માલ પહોચાડવો શક્ય ન હોવાના લીધે અત્યારથી જ બુંકીંગ બંધ કરી દેવાયા છે.જેથી ટ્રાન્સપોર્ટ ઉધ્યોગને મોટો ફટકો પડ્યો છે.ઉપરાતં બહારથી માલ આવવાના બંધ થઈ ગયા છે.આગામી દિવસોમાં લગભગ બધો આવરો જાવરો બંધ રહેશે.

ટ્રાન્સપોર્ટ એસો.ની વિવિધ માંગણીનું નિરાકરણ ન આવતાં નવી દિલ્હી સ્થિત ઓલ ઈન્ડીયા મોટર ટ્રાન્સપોર્ટ કોગ્રેસે સમગ્ર દેશમાં ૨૦મી જુલાઈથી અચોક્કસ મુદતની હડતાલનું એલાન આપ્યું છે.જેમાં અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.પણ જોડાવાનો નિર્ણય કર્યો છે.સમગ્ર ગુજરાતમાં ટ્રક સહિત ટ્રાન્સપોર્ટેશનના સાડા નવ લાખ વાહનો ૨૦મી જુલાઈથી બંધ થતાં ચક્કાજામની સ્થિતિ સર્જાશે. ટ્રાન્સપોર્ટ એસો.ની મુખ્ય માંગણીઓમાં ડિઝલના ભાવો અને ટોલ બેરિયસ ફ્રિ ભારતનો મુદ્દો મુખ્ય છે.કુલ પાંચ મુદ્દાનું સમાધાન ન થાય ત્યા સુધી હડતાલ ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

૨૦મી જુલાઈથી હડતાલ શરુ થાય તે પહેલાંજ હડતાલની તૈયારીના ભાગરુપે બુકીગ બંધ કરી દેવાયા છે.બુકીંગ બંધ થતાં માલ-સામાનની અવરજવર અટકી જતાં અસર એક બે દિવસમાં જોવાશે. હાલમાં જે ટ્રકો રસ્તા પર છે તે ૨૦ પહેલાં માલની ડીલવરી કર્યા બાદ થંભી જશે.ઉપરાંત હાલમાં નવા માલનું બુકીંગ લેવાનુ બંધ કરી દેવાયું છે.હડતાલ વધુ ઉગ્ર બને તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.હાલમાં જે ટ્રકો લાંબા રુટ પર દોડી રહી છે તે ૨૦ પહેલાં પહોચી જશે. જોકે હવે લાંબા અંતરની ટ્રકો નીકાળવામા આવશે નહીં. જેથી માલનું બુકીંગ બંધ કરી દેવાયું છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દરેક બાબતોમાં સુપ્રીમ કોર્ટે પોતાનું વલણ સ્પષ્ટ કરવાની ફરજ પડી રહી હોય તેમ લાગી રહ્યુ છે.ચાર જજોએ એકઠા મળીને જે કહ્યુ તે મુજબ દેશની લોકશાહી ખતરામાં છે તે ઉપરથી અંદેશો આવી ગયો કે દેશમાં સત્તાધારી પક્ષ શું કરવા માંગે છે. કાયદો વ્યવસ્થાને તોડી મરોડીને પોતાના કાયદાઓ પ્રસ્થાપિત કરવાની તેમના ઈરાદાઓ છે.

દેશમાં ગૌરક્ષા અને બાળકો ચોરવાના આરોપસર દેશમાં અલગ અલગ જગ્યાઓ પર ટોળાઓ દ્વારા થઈ રહેલ હત્યાઓ સામે સુપ્રીમ કોર્ટે આકરુ વલણ અપનાવ્યું છે.તેમજ સાથે સાથે જણાવ્યુ કે ટોળા દ્વારા કરાતી હત્યાઓને નવો ચીલો બનાવી ના શકાય. દેશમાં ટોળાશાહીને હાવી થવાની પરવાનગી આપી શકાય નહીં.કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની જવાબદારી સરકારની છે.દેશમાં જાતે બની બેઠેલા ગૌરક્ષકો કે બાળકો ચોરવાના આરોપસર ટોળાં દ્વારા આચરાતી હિંસાને કાબુમાં લેવા અને અપરાધીઓને સજા આપવા સંસદ નવો કાયદો ઘડે. સુપ્રીમે જણાવ્યુ હતું કે આ પ્રકારની ટોળાશાહીને લોખંડી હાથે કચડી નાંખવી જોઈએ. દેશનો કોઈ પણ નાગરિક કાયદો હાથમાં લઈ શકે નહીં કે જાતે કાયદો બની શકે નહીં.આવી ઘટનાઓને રોકવા માટે રાજ્ય સરકારોએ કડક પગલાં લેવા જરુરી છે.ટોળા દ્વારા કરાતી હત્યા એ એક અપરાધ જ છે.સુપ્રીમ કોર્ટની સરકારને આ એક પ્રકારની ફટકાર છે. પરંતુ અપરાધીઓ સરકારના જ માનીતાઓ છે. તેમને અટકાવવા તેમના હાથની વાત નથી.તાજેતરમાં બનેલી ઘટનાઓ સ્વામી અગ્નિવેશ અને સાંસદ શશી થરુર ની સાથે બનેલી ઘટનાઓ ટોળાશાહી દ્વારા આચરાયેલી ઘટનાઓ હતી. જેમાં સ્વામી અગ્નિવેશ પર હુમલો કરીને તેમને મારવામાં આવ્યા અને આ આખું ટોળું કોનું હતું તે સહુ કોઈ જાણે છે. શરુ થરુર ની ઓફીસ પર કરાયેલ હુમલા અને તેમને મળેલ મોતની ધમકી પાછળ કોણ છે. કેન્દ્રીય મંત્રીમંડળના એક મંત્રીએ પણ તંમની આ રીતની કરેલ આકરી ટીકા હુમલાખોરો માટે વજનદાર બની જાય છે.

અત્યાર સુધીમાં એવું કહેવાતું હતું કે ટોળામાં કોઈને ટાર્ગેટ બનાવાય પછી તે વ્યક્તિ,વ્યક્તિઓ કે માલમિલકત પર ટોળા સામે ગુનો નોધાય છે પછી તેમાં કોઈ વ્યક્તિનું નામ આવતું નથી તેથી ગુનો પુરવાર થતો નથી.અને સહેલાઈથી ટાર્ગેટ પુરો થઈ જાય છે.મોટા ભાગના હુમલાઓમાં આ રીત અપનાવાઈ છે.પછી તે લઘુમતિઓ હિંસક હુમલા હોય, મિલ્કતોની તોડફોડ,આગજની હોય કે પછી અન્ય કોઈ પ્રકારની માનહાનિ હોય પરંતુ પોલીસ આવા ગુનાઓમાં ટોળા ઉપર ગુનો નોંધીને અપરાધીઓને ખાસ સવલતો આપતી હોય છે પરંતુ તેઓ સત્તાધારી પક્ષના નિકટજનો હોય તો.ભાજપના સત્તાસ્થાને આવ્યા બાદ આવા હુમલાઓની સંખ્યા વધી છે.વ્યક્તિગત દુશ્મનીનો પણ હિસાબ આવી રીતે ચુકવાતો ગયો છે. સુપ્રીમે બહુ મોડી આ બાબતે નોંધ લીધી. પરંતુ કેન્દ્રીય ગૃહમંત્રીએ આ રાજ્યોનો વિષય હોવાનું કહીને પોતાની જાતને ખંખેરી નાંખી છે.બહુ બહુ તો દેખાવ ખાતર રાજ્યોને પત્ર લખીને તેઓ આશ્વાસન આપશે કે તેમણે તેમની કામગીરી પુર્ણ કરી દીધી છે.ખરેખર લોકશાહીને બચાવવી હોય તો સફ્ફાઈ વર્તવી પડશે.નહિતર દેશ કહેવાતી લોકશાહી અન્યથા સરમુખત્યારશાહી તરફ ધકેલાઈ ગયેલો દેશ ગણાશે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ભાજપના સાંસદ ગોપાલ શેટ્ટીએ ખ્રિસ્તીઓ વિરુધ્ધ આપેલા વિવાદાસ્પદ નિવેદનને કારણે હોબાળો સર્જાયો

ભારતીય જનતા પાર્ટીના ઉત્તર મુંબઈના સંસદ સભ્ય ગોપાલ શેટ્ટીએ એક વિવાદાસ્પદ નિવેદન કર્યુ હતું. જેમા તેમણે કહ્યુ હતું કે ભારતની આઝાદીના જંગમાં ખ્રિસ્તીઓએ અંગ્રેજોને સાથ આપ્યો હતો. અને તેઓ મુળમાં અંગ્રેજો જ હતા.તેમના આવા નિવેદનથી હોબાળો મચ્યો હતો.તેમજ વિપક્ષો અને એક્ટીવિસ્ટોએ જાતીય રાજકારણનો આક્ષેપ કર્યો હતો.શેટ્ટીના નિવેદનને કારણે તેમની સામે કોમી હિંસા ભડકાવવા તેમજ જાતીય ભેદભાવનો આક્ષેપ કરીને પોલીસ ફરિયાદ થતાં જ ભાજપના નેતાઓએ ડેમેજ કંન્ટ્રોલ કરવાની કવાયત શરુ કરી હતી.શેટ્ટીના નિવેદન સાથે પાર્ટીને કોઈ લેવાદેવા નથી તેવા નિવેદનો આપવા પડ્યા હતા.ગોપાલ શેટ્ટીએ પોતાના નિવેદનથી પાર્ટીને કોઈ નુકશાન થયું હોય તો રાજીનામું આપવાની તૈયારી બતાવી હતી.પક્ષના મોવડી મંડળને પરખાવ્યું હતું કે મારા માટે કોઈપણ પદ કરતાં વાણી સ્વાતંત્ર્ય મહત્વનું અને પ્રિય છે.ભારતીય ખ્રિસ્તીઓ એ મુળ બ્રિટિશ હતા. એથી તેમણે ભારતની આઝાદીના જંગમાં ભાગ લીધો નહોતો. સ્વતંત્રતાની લડાઈમાં હિંદુ અને મુસ્લીમો ખભેખભા મિલાવીને લડ્યા હતા.

ગોપાલ શેટ્ટીને ઈતિહાસનુ જ્ઞાન નથી.ભાજપે કે તેમના સંઘના સભ્યોએ આઝાદીની લડાઈમાં ભાગ લીધો નહોતો એ સત્ય તેમને ખબર નથી.બીજાના ઉપર આરોપો મુકતા પહેલા પોતાના બાબતે વિચારવું રહ્યું. જો કે વાણી વિલાસમાં ગરબર થઈ હોવાની તેમને જાણ થઈ ગઈ.તેમણે બાજી સંભાળતા એવો ખુલાસો આપ્યો હતો કે મારા માટે ભારત અને ભારતીયો પહેલા આવે.બીજેપી સબકા સાથ સબકા વિકાસ ના નારા સાથે આગળ વધી રહ્યો છે. ત્યારે મારુ માનવું છે કે મૈ સબકા સબ મેરે

## ભારત સરકાર આવનારી લોકસભાની ચુંટણીમાં જીતવા અને પ્રજા પાસેથી વધુ મતો મેળવવા મને ભારત પાછો લાવવા માંગે છે : વિજય માલ્યા

ભારતની બેન્કોને રુ.૯૩૦૦ કરોડનો ચુનો લગાડીને વિદેશ ભાગી જનાર ભાગેડું વિજય માલ્યાએ કહ્યુ હતું કે ભારતમાં આવતા વર્ષે લોકસભાની ચુંટણી યોજવાની છે.તેથી પ્રજા પાસેથી વધુ મતો મેળવવા અને ચુંટણી જીતવા માટે ભારત સરકાર મને પવિત્ર ક્રોસ પર લટકાવી દેવા માંગે છે. હું આ રીતે પાછો ભારત આવવાનો નથી.માલ્યાએ કહ્યુ હતું કે બ્રિટનમાં આવેલી તેની તમામ સંપત્તિ જપ્ત કરવા માટે ઈચ્છતા એન્ફોસમેન્ટ ડિરેકટોરેટના અધિકારીઓને તમામ સહયોગ આપવા તૈયાર છું પણ બ્રિટનમાં તેમના પરિવારની સંપર્તિ જપ્ત કરવા જેવું કશું છે નહીં.કારણકે લંડનમાં આવેલા તેમના બંગલા તેમના નામ પર નથી. લંડનની સંપત્તિ મારી માતા અને સંતાનોના નામ પર છે.મારી પાસે થોડી કાર અને ઝવેરાત છે. જં હું ઈડી કહે તે સમયે તેને પહોચાડવા તૈયાર છું.

માલ્યાએ કહ્યુ હતું કે હું હંમેશા ઈગ્લેન્ડમાં રહીશે અને ભારતનો નોનરેસિડન્ટ ઈન્ડીયન રહ્યો છું. આથી ભારત પાછા ફરવાનો કોઈ પ્રશ્ન જ નથી.અને ભાગી જવાનો કોઈ સવાલ જ નથી.મારી સામે જે કાંઈ પગલાં લેવાઈ રહ્યા છે તે રાજકીય છે.તેઓ લોકોના મત મેળવવા મને પવિત્ર ક્રોસ પર લટકાવવા માંગે છે. ભારત સરકાર અને ભારતીય બેન્કો રુ.૯૩૦૦ કરોડની લોન વસુલવા માટે ૬૨ વર્ષના પુર્વ લિકર બેરોન અને બંધ પડેલી એરલાઈન્સ કિંગફિશરના માલિક વિજય માલ્યાનું બ્રિટનની સરકાર પાસેથી પ્રત્યાર્પણ કરવા માંગે છે. બ્રિટનની કોર્ટે દ્વારા ભારતીય બેન્કોને માલ્યાની સંપત્તિ જપ્ત કરીને લોનની બાકી રકમ વસુલવા છુટ આપવામાં આવી છે.

## કાગળ પરની શિક્ષણ રિલાયન્સની જીયો સંસ્થાને શરુ થયાં પહેલાં જ સરકારે ઉત્કૃષ્ટનો પુરસ્કાર આપી દીધો

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા ઉત્કૃષ્ટ શિક્ષણ સંસ્થાનોમાં રિલાયન્સ ફાઉન્ડેશનના પ્રસ્તાવિત જીયો ઈન્સ્ટિટ્યુટને સ્થાન આપતાં મોટો વિવાદ સર્જાયો છે.રિલાયન્સ ઈન્ડ્રસ્ટ્રીઝની આ શિક્ષણ સંસ્થા હજુ કાગળ પર હોવા છતાં આ પ્રકારનો દરજ્જો આપી દેવાતાં મોદી સરકારની આકરી ટીકા થઈ રહી છે.દેશમાં ઉત્કૃષ્ટ સંસ્થાઓની પસંદગીની પ્રક્રિયા પ ર સવાલ ઉભા કરાયા છે.જિયો સંસ્થાની પસંદગી પાછળના ઈરાદા અંગે પણ પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યા છે.

કોગ્રેસે સરકાર પર રિલાયન્સ ઈન્ડ્રસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પત્ની નીતા અંબાણી માટે વ્હાલા દવલાની નીતિ અપનાવવાનો આરોપ મુક્યો છે.કોગ્રેસે જણાવ્યુ હતું કે કાલ્પનિક જીયો શિક્ષણ સંસ્થાને હજુ સુરજનું કિરણ જોયું નથી તેમ છતાં તેને ઉત્કૃષ્ટ શિક્ષણ સંસ્થાનો દરજ્જો આપી દેવામાં આવ્યો છે.જેએનયુના પ્રોફેસર આયેશા કિડવાઈએ આ નિર્ણયમાં હિતોના ટકરાવનો આરોપ મુક્યો હતો. તેમણે જણાવ્યુ હતું કે જે સંસ્થાનું કેમ્પસ નથી.તેવી સંસ્થાએ ઉત્કૃષ્ટતાની બાબતમાં આઈઆઈટી અને અશોકા તથા ઓપી જિંદાલ ગ્લોબલ યુની. જેવી સંસ્થાઓને પાછળ છોડી દીધી છે. શું રિલાયન્સની શિક્ષણ સંસ્થાના માર્કેટીંગનું કામ સરકાર કરી રહી છે.

આકરી ટીકા પછી સરકારે ફેરવી તોળ્યુ હતું કે માનવ સંસાધન મંત્રી પ્રકાશ જાવડેકરે શ્રેણીબધ્ધ ટ્વિટમાં જણાવ્યુ હતું કે જીયો સંસ્થાને ચોક્કસ શરતો પુરી કર્યા પછી જ ઈન્સ્ટિટ્યુટ ઓફ એમિનન્સનો દરજ્જો અપાશે.અત્યારે તો તેમને લેટર ઓફ ઈન્ટેટ જ જારી કરવામાં આવ્યો છે.ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ આર.સુબ્રમણ્યમે જણાવ્યુ હતું કે જિયો સંસ્થા ગ્રીનફિલ્ડ મોડ પર શરુ થઈ રહી છે.તેમને ફક્ત લેટર ઓફ ઈન્ટેન્ટ જ અપાશે.

## નિર્ભયાકાંડમાં આરોપીઓની ફાંસીની સજા સુપ્રીમ કોર્ટે યથાવત રાખી

સુપ્રીમ કોર્ટે નિર્ભયા ગેંગરેપ અને મર્ડર કેસમાં ગુનેગારોની રિવ્યુ પીટીશન ફગાવી દેતાં તેમની ફાંસીની સજા યથાવત રહેવા પામી હતી. કોર્ટ દ્વારા આ કેસમાં ચાર આરોપીઓને ગયા વર્ષે પાંચમી મેના રોજ ફાંસીની સજા સંભળાવવામા આવી હતી.ત્યારબાદ આરોપીઓએ સુપ્રીમ કોર્ટમાં રીટ પીટીશન ફાઈલ કરી હતી.ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ આર.ભાનુમતી, જસ્ટીસ અશોક ભુષણની ખંડપીઠે આ અરજી સામે ફાંસીનો ચુકાદો માન્ય રાખ્યો હતો.નિર્ભયાના માતાપિતાએ ગુનેગારો ઝડપી ફાંસી થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.તેમણે નિર્ણય બદલ કોર્ટનો આભાર માન્યો હતો.તેમણે કહયુ કે દોષિતોને અમે ફાંસીને માંચડે લટકતા જોવા માંગીએ છીએ.

કોર્ટે કેસ દ્વારા ફાંસીની સજા યથાવત રાખી છે પરંતુ હજુ સુધી બળાત્કારના ગુનાઓ અટકયા નથી.દેશભરમાં ઠેર ઠેર બળાત્કારના ગુનાઓ બની રહ્યા છે તે કેટલું અસહનીય છે.

# અમેરિકા અને ચીન વચ્ચે ઇતિહાસનું સૌથી મોટું ટ્રેડવોર શરુ થયું : આર્થિક જગતમાં ફડફડાટ વ્યાપી ગયો

વૈશ્વિક અર્થતંત્રને નુકશાન પહોચાડે તેવા જોખમો મધ્યે પોતાના રાજકીય સમર્થકોને આપેલા વચનોનું પાલન કરતાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીની આયાતોના ૩૪ અબજ ડોલરના સામાન પર ૨૫ ટકાની જકાત લાદી સત્તાવાર વેપારયુધ્ધનું બ્યુંગલ ફક્યુ હતું. અમેરિકાએ ચીની સામાન પરની નવી જકાત અમલી બની હતી.મોન્ટાના જતાં એરફોર્સના વનમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતું કે આગામી બે સપ્તાહમાં ચીની સામાન પર વધુ ૧૬ અબજ ડોલરની આયાત પર જકાત લદાઇ શકે છે.ચીનમાંથી આયાત થતાં ૩૪ અબજના ડોલરના સામાન પરની જકાત શુક્રવારથી લાગુ થઈ ગઈ હતી. ટ્રમ્પે ચીની આયાત પર ૨૫ ટકાની જનવી જકાત ઝીંકીને ચીનને મોટો આંચકો આપ્યો હતો.

વોશિગ્ટનમાં અમેરિકી કસ્ટમ અધિકારીઓએ ખેતીના હળથી માાંડીને સેમી કન્ડકટર અને વિમાનના પાર્ટસ સહિતના આયાતી સામાન પર ૨૫ ટકની જકાત વસુલવાનું શરુ કરી દીધું હતું.ટ્રમ્પે અગાઉ ધમકી આપી હતી કે જો ચીન વળતો જવાબ આપશે તો ૨૦૦ અબજ ડોલરની વધુ ચીની આયાતો પર જકાત લદાશે.

ચીન અને અમેરીકા વચ્ચે વ્યાપાર યુધ્ધ હવે વાસ્તવિકતા બની ચુક્યું છે તેવું બરાક ઓબામા સરકારના વેપાર પ્રતિનિધિ રહી ચુકેલા રોબર્ટ હોલીમેને કહ્યુ હતું.જો અમેરિકા ઝડપથી આ ટ્રેડવોરનો ઉકેલ નહીં લાવે તો પહાડ પરથી નીચે ગબડવા સ્નો બોલ જેવો ઉગ્ર બની જશે.ચીનમાં અમેરિકન ચેબર્સ ઓફ કોમર્સના અધ્યક્ષ વિલિટમ જૈરિટે કહ્યુ હતું કે આ પ્રકારના ટ્રેડવોરમાં કોઈ વિજેતા થવાનું નથી. આ પ્રકારે એકબીજાની આયાત પર જકાત લગાવવાથી સમગ્ર વિશ્વના દેશો પ્રભાવિત થશે.

જો કે અમેરીકી ડોલરની સામે ભારતીય રુપીયો ગગડવાની શરુઆત કરી ચુક્યો છે.૭૦ની સપાટી પર પહોચી જવાની શક્યતાઓ રહેલી છે.પાચ પચીસ પૈસા ઘટવાથી રુપીયો મજબુત બન્યો છે તેવુ ગણિત સમજાવનારાઓએ સાચુ અર્થશાસ્ત્ર સમજવાની જરુર છે.

# એનડીએના ચાર વર્ષના શાસનકાળમાં ૨૯૨૦ કોમી રમખાણો થયા, ૩૮૯ મોતઃ સુશાસનના દાવા પોકળ નીકળ્યા

કેન્દ્રની મોદી સરકારમાં લઘુમતી કલ્યાન મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ મોદી સરકારની ઉપલબ્ધિઓના વખાણ કરતાં કહ્યુ હતું કે ચાર વર્ષના મોદીરાજમાં કોઈ મોટા સાંપ્રદાયિક તોફાનો થયા નથી.તેમણે એવો દાવો કર્યો હતો કે મોદી સરકારે ચારવર્ષમાં વગર ભેંદભાવે વિકાસ કર્યો છે પણ તેમના દાવાની પોલ કેન્દ્ર સરકારનાજ ગૃહમંત્રાલયે ખોલી નાંખી છે.ફેક્ટ ચેકર ડોટ ઈન એ ગૃહમંત્રાલયના આંકડા પ્રમાણે લખ્યું છે કે મોદી સરકારના છેલ્લા ચાર વર્ષના કાર્યકાળમાં ત્રણ મોટા તોફાનો થયા હતા. એમાંથી પશ્ચિમ બંગાળના ૨૪ પરગણાં જિલ્લાના બદુરિયા-બશીરહાટ તોફાનો(૨૦૧૭), પશ્ચિમબંગાળના જ હાજીનગરના તોફાનો (૨૦૧૬) અને ઉત્તર પ્રદેશના સહારનપુર તોફાન (૨૦૧૪) સામેલ છે.ગૃહમંત્રાલયના વાર્ષિક રીપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૧૫માં કોઈ મોટા સાંપ્રદાયિક તોફાનો થયા નથી.

મોટી સાંપ્રદાયિક હિંસાની સ્થિતિ ત્યારે ઉભી થાય છે જ્યારે પાંચથી વધારે લોકોના મોત થઈ જાય છે. અથવા ૧૦ થી વધાર લોકો ગંભીર રીતે જમખી થાય છે. હિંસામાં એક શખ્સનું મોત કે ૧૦ લોકો સુધી જખમી થાય તો તેને મહત્વપુર્ણ તોફાનનો દરજ્જો આપવામાં આવે છે.૭ ફેબ્રુઆરી,૨૦૧૭ અને ૬ ફેબ્રુઆરી ૨૦૧૮ના લોકસભામાં ગૃહમંત્રાલય દ્વારા આપવામાં આવેલા જવાબ પ્રમાણે મોદી સરકારના કાર્યકાળમાં વર્ષ ૨૦૧૭ સુધી કુલ ૨૯૨૦ તોફાનો થયા હતા.એમાં ૩૮૯ લોકોના મોત થયાહતા.જ્યારે ૮૮૯૦ લોકો જખમી થયા હતા.દેસી સૌથી વધારે વસતી ધરાવનાર રાજ્ય ઉત્તર પ્રદેશમાં આ ચાર વર્ષ દરમિયાન સૌથી વધારે ૬૪૫ હિંસાની ઘટના ઘટી હતી. જ્યારે કર્ણાટકમાં ૩૭૯,મહારાષ્ટ્રમાં ૩૧૬ હિંસાના મામલા નોધાયા હતા.આ સાંપ્રદાયિક હિંસામાં સૌથી વધુ મૃતકોની સંખ્યાના મામલે પણ ઉત્તર પ્રદેશ ટોપ પર રહ્યુ હતું.અહીં વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ વચ્ચે સાંપ્રદાયિક તોફાનોમાં કુલ ૧૨૧ લોકોના મોત થયા હતા.જ્યારે ભાજપશાસિત રાજ્ય રાજસ્થાનમાં ૩૬ અને કર્ણાટકમાં ૩૫ લોકોના મોત થયા હતા.

લઘુમતી મંત્રાલય દ્વારા બતાવેલા આંકડાઓ જુદા છે અને ગૃહમંત્રાલયના બતાવેલા આંકડાઓ જુદા છે.દેશમાં લઘુમતીઓ ઉપર થયેલા હિંસક હુમલાઓ અંગે અમેરિકન હ્યુમન રાઈટ્સ સંસ્થાએ વિરોધ નોધાવ્યો હતો. પરંતુ સરકારે તેને નકારી કાઢ્યો હતો.સરકારી આંકડાઓમાં સુસંગતતા અને વિશ્વસનીયતાનો અભાવ વિદેશી સંસ્થાઓને દેશ વિરુધ્ધ પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવાની સ્વતંત્રતા આપી દે છે.સરકારી મંત્રાલયોએ આંકડાઓ આપતાં પહેલા ચકાસણી કરવી જરુરી છે.

વિશ્વમાં જંગલો દ્વારા જેટલો પણ ઓક્સિજન ઉત્પન કરવામાં આવે છે તે બધામાં ૨૦ ટકા જેટલો ઓકિસજન એમેઝોનના વરસાદી જંગલો દ્વારા પેદા કરવામાં આવે છે.

# ભ્રષ્ટાચારના કેસમાં પાકિસ્તાનના પુર્વ વડાપ્રધાન નવાઝ શરીફને ૧૦ વર્ષની જેલ સાથે તેમની પુત્રીને સાત વર્ષની જેલ

પાકિસ્તાન સત્તાધારી પક્ષના સર્વેસર્વા પરિવાર માટે રાજકીય મુશ્કેલી સર્જાતા દેશની સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદાને કારણે સનસનાટી વ્યાપી ગઈ હતી. પુર્વ વડાપ્રધાન નવાઝ શરીફને ભ્રષ્ટાચાર કેસમાં કોર્ટે દસ વર્ષની સજા ફટકારી હતી.પનામા પેપર લીકમાં એક કેસ લંડનમાં પોશ એવનફિલ્ડ હાઉસમાં ચાર ફલેટની માલીકી અંગેનો હતો.૨૫મીજુલાઈ પહેલા પાકિસ્તાનમાં સંસદીય ચુંટણી યોજાય તે પહેલાં આવેલો ચુકાદો સત્તાધારી પક્ષને માટે મુશ્કેલી સર્જશે.

એકાઉન્ટેબીલીટી કોર્ટના જજ મોહમંદ બશીરે બંધ બારણે ચુકાદો આપતાં નવાઝ શરીફની પુત્રી મરિયમને પણ સાત વર્ષની અને જમાઈ સફદરને એક વર્ષની સજા કરવામાં આવી હતી.આ ઉપરાંત નવાઝ શરીફને ૮૦ લાખ પાઉન્ડ એટલે અંદાજીત ૭૩ કરોડ રુપીયા અને મરિયમને ૨૦ લાખ પાઉન્ડ એટલેકે ૧૮.૨ કરોડ રુપીયાનો દંડ ફટકાર્યો હતો.અદાલતે આ કેસમાં વોન્ટેડ એવા નવાઝ શરીફના બે પુત્રો હસન અને હુસેનને ભાગેડુ જાહેર કર્યા હતા.નવાઝ શરીફે કેસનો ચુકાદો સાત દિવસ પછી જાહેર કરવાની અપીલ કરી હતી પરંતુ કોર્ટે તે નકારી કાઢી હતી. નવાઝ શરીફના પત્ની હાલમાં લંડનમાં કેન્સરની સારવાર લઈ રહ્યા છે.જજે ચુકાદા સામે અપીલ કરવાની ૧૦ દિવસની મહેતલ આપી છે.ચુકાદા બાદ શરીફે કહ્યુ હતું કે હું આરોપોનો સામનો કરવા માટે પાકિસ્તાન પરત ફરી રહ્યો છું.પાકિસ્તાનના ઈતિહાસને ધરમુળમાંથી બદલી નાંખવાની મને સજા મળી છે.

# સૌરાષ્ટ્રમાં થયેલા ભારે વરસાદને કારણે ૫૦૦થી વધુ ગામો સંપર્ક વિહોણા

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી છે.ભારે વરસાદને કારણે અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા છે.પુરમાં ફસાયેલા લોકો માટે રેસક્યુ ટીમો અને હેલીકોપ્ટરથી એરલીફ્ટ કરવા માટે તંત્રે મદદ માંગી છે. પરંતુ રોડ રસ્તાઓ ધોવાઈ ગયા છે કેટલીક જગાઓ પર રેલના પાટાઓ ધોવાઈ ગયા છે.વિજ સપ્લાય ઠપ થઈ ગયો છે.બે સ્ટેટ હાઈવે સહિત રાજ્યમાં કુલ ૧૩૦ રસ્તાઓ બંધ છે.

ભારે વરસાદને કારણે ૨૭ થી વધુ નાગરિકો અને ૮૮થી વધુ પશુઓના મૃત્યુ નીપજ્યા છે.લોકોની હાલાકીમાં તંત્રની પરિસ્થિતિ પણ વિકટ છે.નેતાઓ પણ લોકોની વહારે જાવા માટે દેખાતા નથી.સરકારમાં દોડધામ મચી ગઈ છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર **બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## દુધ ઉત્પાદક ખેડુતોના સમર્થનમાં શિવસેના આગળ આવી



મહારાષ્ટ્રમાં દુધ ઉત્પાદક ખેડુતોના ચાલી રહેલા આંદોલનના સમર્થનમાં આગળ આવી શિવસેનાએ એ વાત જાણવા ઇચ્છી હતી કે સરકાર બુલેટ ટ્રેન પાછળ અબજો રુપીયા ખર્ચી શકે છે તો પછી દુધના પ્રાપ્તિભાવ કેમ વધારી ન શકે.

દુધના પ્રાપ્તિ ભાવમાં એક લીટરે પાંચ રુપીયા વધારાની માંગણી સાથે રાજ્યમાં ખેડુતોના સંગઠને આંદોલન શરુ કર્યુ છે.શરુ થયેલા આ આંદોલનના એક ભાગ રુપે દેખાવકારો દ્વારા મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં દુધના ટેન્કર્સને આંતરવામાં આવ્યા હતા.

ખેડુતોના નેતા રાજુ શેટ્ટી દ્વાર આંદોલન શરુ કરવામાં આવ્યુ હોવાને કારણે તેની ઉપેક્ષા કરી ન શકાય. ખેડુતો કોઇ એક ચોક્કસ ધર્મ કે જાતિના કે કોઇ રાજકીય પક્ષના નથી.રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં ૩૦૦૦ ખેડુતોએ જીવ ગુમાવ્યા છે.અને તેમણે વડાપ્રધાન મોદીને મત આપ્યો છે.એમ શિવસેનાએ જણાવ્યુ હતું.

પોતાની માંગણીઓ ઉપર દબાણ લાવવા ગયા ખેડુતોએ ગયા વર્ષે કરેલા આંદોલને સરકારને નાલેશી આપી હતી.હાલમાં દુધ ઉત્પાદક ખેડુતોના ચાલી રહેલા આંદોલનને ડામી દેવાને બદલે તેમને કઇ રીતે રાહત આપવી જોઇએ તે વિશે વિચારવું જોઇએ,એમ શિવસેનાએ પોતાના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં જણાવ્યુ હતું.

ઉદ્દવ ઠાકરેના નેતૃત્વ હેઠળના પક્ષે આક્ષેપ કર્યો હતો કે સરકાર એક બાજુ આંદોલન તોડવાનો પ્રયાસ કરશે અને બીજી બાજુ જય કિસાનનો સુત્રોચ્ચાર કરશે.સરકારે એક લીટર દુધનો ભાવ રુ.૨૭ નક્કી કર્યો છે.પરંતુ હાલમાં દુધની ખરીદી એક લિટરે રુ. ૧૬ થી ૧૮ આપવામાં આવે છે.એમ શિવસેનાએ જણાવ્યુ હતું.ગોવા અને કર્ણાટકની સરકારોએ દુધ ઉત્પાદક ખેડુતોને એક લિટરે પાંચ રુપીયાની સબસીડી આપવાની જાહેરાત કરીછે. હવે મહારાષ્ટમાં પણ ખેડુતો આ જ પ્રકારની રાહત ઇચ્છે છે.તો તેમાં ખોટું શું છે? બુલેટ ટ્રેન, સમૃધ્ધિ કોરિડોર અને મેટ્રો રેલ પ્રોજેક્ટ પાછળ સરકાર અબજો રુપીયા ખર્ચી રહી છે.

## નોટબંધીને કારણે દેશના જીડીપીને નુકશાન : વિશ્વ બેન્કનો ઘટસ્ફોટ

કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારના નોટબંધીના નિર્ણયને કારણે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન દેશના વિકાસ દર (જીડીપી)ને ૭.૩ ટકાનું નુકશાન પહોચ્યું છે. અસંગઠિત ક્ષેત્રના વ્યવસાય માટે મહત્વના જિલ્લાઓને સૌથી વધુ નુકશાન પહોચ્યું છે. નોટબંધીના નિર્ણય બાદ ભારતીય અર્થ વ્યવસ્થાને થયેલા નુકશાન પર વિશ્વબેન્કે સમીક્ષા કરી હતી.

વિશ્વ બેન્કના રિપોર્ટ મુજબ અસંગઠિત ક્ષેત્રમાં મહત્વના જિલ્લામાં જીડીપી ગ્રોથ ૪.૭થી ૭.૩ ટકા સુધી ઘટી ગયો છે. વિશ્વ બેન્કે આ સમીક્ષા માટે બિનપરંપરાગત માધ્યમ( સેટેલાઇટ ઇમેજ)નો ઉપયોગ કર્યો છે.આ માધ્યમ હેઠળ વિશ્વ બેન્કે એશિયામાં નેપાળના ભુંકપ,અફઘાનિસ્તાનમાં તંગદીલી અને ભારતમાં મોદી સરકારના નોટબંધીના નિર્ણયને આધારે એશીયાના દેશોની અર્થવ્યવસ્થાને થયેલા નુકશાનની સમીક્ષા કરી છે.ઉલ્લેખનીય છે કે આ બિનપરંપરાગત માધ્યમમાં સમીક્ષા માટે વિશ્વ બેન્કે આર્થિક ગતિવિધિને માપવા માટે શામ અને રાત્રિના વિજળીની તીવ્રતા આર્થિક ગતિવિધિ અને વિકાસ દરને માપવાનો માપદંડ છે કેમકે ઉર્જાની વપરાશ અને ઉત્પાદન એકબીજાથી સીધી રીતે જોડાયેલા છે.

આ સમીક્ષા માટે વિશ્વબેન્કના અધિકારીઓએ દક્ષિણ એશીયાના મહત્વના જિલ્લાના ઉર્જાની વપરાશને સેટેલાઇટ થકી મળનારી ઇમેજ(લ્યુમીનોસીટી- સાંજ અને રાત્રિના સમયે ઔધ્યોગિક વિસ્તારોની વીજળીની ચમક) ના આધારે નક્કી કરી હતી.વિશ્વ બેન્કના તમામ મુખ્ય અર્થશાસ્ત્રીઓએ આ રિપોર્ટ તૈયાર કર્યો છે.અને દક્ષિણ એશિયા તેમનુ કાર્યક્ષેત્ર છે.રિપોર્ટમાં દાવો કર્યો છે કે નોટબંધી બાદ ભારતના મુખ્ય ઔધ્યોગિક જિલ્લામાં સાંજ અને રાત્રિના સમયે સેટેલાઇટની ચમક ઘટી છે.રિપોર્ટમાં દાવો કરાયો છે કે આ ક્ષેત્રોમાં ઘટની શરુઆત નોટબંધીના નિર્ણય બાદ શરુ થઇ હતી.અને બે મહિના સુધી ચાલી હતી.સરકારી આંકડા મુજબ ભારતનો જીડીપી વર્ષ ૨૦૧૬-૧૭ ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં દર વર્ષના આધારે ૧૦.૮ ટકાથી વધીને રુ.૩૮.૫ મિલિયન સુધી પહોચી ગયો છે. જો કે વિશ્વ બેન્કે સરકારી આંકડાઓને ખોટા સાબિત કર્યા છે.

## શું દુનિયા બગડી ગઇ છે ?

દુનિયા બગડી ગઇ છે કહેવામાં વાર નથી લાગતી પણ સ્વયં બગડ્યો છે કે નહીં તેનું આત્મનીરક્ષણ કરવું પણ જરુરી છે. દુનિયા કંઇ મર્સીડીઝ કાર નથી કેબગડી જાય. દુનિયા જો બગડી ગઇ હોય તો માણસાઇનું નિધન થઇ જાય. આજે દુનીયામાં માણસાઇ જીવે છે.દુનિયા બગડી ગઇ છે આવું વિધાન જો કોઇ વારંવાર કરે ત્યારે તેની સાથે કોઇ સહમત ન થવાય અને ત્વરીત અપક્ષમાં બેસી જવાય જેથી માણસાઇની સ્વચ્છતા જળવાય.

વર્ગખંડમાં ચાર-પાચ વિદ્યાર્થીઓ ભણતરમાં નબળા હોય તો સમગ્ર વર્ગખંડ નબળો ના કહેવાય. ભણતરમાં નબળા વિદ્યાર્થીઓમાં અલગ અલગ શક્તિઓ હોય છે. બધી જ શક્તિઓ એકજ વિદ્યાર્થીમાં હોય તેમ પણ નથી. વિદ્યાર્થીઓમાં રમત,સંગીત, નાચગાન, તરવાની,ભણવાની ગીત ગાવાની વગેરે અલગ અલગ શક્તિઓ ભગવાને સીંચી હોય છે. કોઇ વિદ્યાર્થી ભણતરમાં નબળો હોય તે રમતમાં અવ્વલ્લ હોય છે અને જે વિદ્યાર્થી ભણતરમાં અવ્વલ તે રમતમાં નબળો હોય છે. જેમ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓમાં તફાવત જોવા મળે છે તેમ માનવી માનવી વચ્ચેના વ્યવહારમાં જોવા મળે છે.દુનિયામાં કોઇ વ્યવહારમાં જીવે છે તો કોઇ વ્યવહારમાં જીવતું નથી.વળી કોઇ સમાજ ખિલાફ જીવતો હોય છે તો કોઇ સમાજ સાથે જીવે છે. પરિચય મેળવ્યા વગર કે અનુભવ્યા વગર કોઇ વ્યક્તિને ખોટો ના પાડી શકાય. ખોટો વ્યક્તિ જ સંકટના સમયે સાચો લાગતો હોયછે. મોતના મુખમાંથી તે ખોટો વ્યક્તિ બચાવી લેતો હોય છે.આમ દરેક વ્યક્તિમાં માનવતા જીવે છે. નથી ગમતી તે વ્યક્તિ વિભિન્ન સંજોગોમાં ગમી જતી હોય છે.

કોઇ વ્યક્તિ સાથે નાતો તુટી જાય ત્યારે તે વ્યક્તિ ખરાબ છે તેમ ના કહેવાય.બે વ્યક્તિ વચ્ચે સબંધોમાં તિરાડ પડે ત્યારે સામેની વ્યક્તિને અવગુણની જેલમાં ના ધકેલી શકાય.પોતાના દોષનો ટોપલો બીજા પર ના ઢાળી શકાય. આપણા દોષનો પણ આત્મનીરીક્ષણ કરવું પણજરુરી છે.બીજાના દોષોની વાયુ વેગે ફેલાવવાથી આપણી છબી ખરાબ થતી હોય છે. ગમે તેટલો મોટ દુશ્મન હોય તો પણ તેનામાં એકચ ગુણ સાચો હોય છે. સંકટ સમયે ક્યારેક દુશ્મન જાની દુશ્મન બની જાય છે.એક બે વ્યક્તિને નીરીક્ષણ કે અનુભવ્યા પછી દુનિયા બગડી ગઇ છે તેમ ન કહી શકાય. આપણી જીવન જરુરીયાત માટે તડપતા હોય ત્યારે કોઇ વ્યક્તિ પાસે અપેક્ષા ના રાખી તેવી વ્યક્તિ મદદને વહારે આવે ત્યારે આપણને અનુભુતિ થાય કે દુનિયામાં સજજનો જીવે છે. અને દુનીયા બગડી નથી.દુનિયામાં કોઇને પાપી વ્યક્તિ માનીને તેને તિરસ્કારની નજરે ના જોવાય.પાપી વ્યક્તિને હુંફની જરુરી હોય છે. પ્રેમ મળવાથી તેમાં પાપ ધોવાય છે. પાપીઓને નષ્ટ કરવાથી દુનિયા સુધરી જશે તેવી ટુંકી દષ્ટિ ના કરાઇ પણ તેમની ખામીઓને સુધારી અને ભુરાઇઓથી દુર રાખવાથી જીવનના સાચા મારગ પર વ્યક્તિ જીવતી હોય છે.

જીવનમાં પરસ્પર સબંધોની જરુર ઊભી થતી હોયછે. બે વ્યક્તિ વચ્ચે સબંધ બગડે ત્યારે બે માંથી એક વ્યક્તિ સામેની વ્યક્તિ વિશે ખોટું નિવેદન કરીને આખા ફલીયાને ગેરમાર્ગે દોરતી હોય છે.ઝગડાનું મોટું સ્વરુપ ખડુ કરીને અશાંતિનું વાતાવરણ પ્રસરતું હોય છે. આવું થાય ત્યારે જે ખોટું કરનાર વ્યક્તિ ભીતરમાં આનંદ પામતી હોય છે.એકબીજા વિશે ખોટું નિવેદનબાજી કરવાથી સમજણનું મૃત્યું થઇ જતું હોય છે.ખાટ-મીઠા સબંધો અને ખાટ-મીઠા અનુભવો જીવતરમાં થતા હોય છે.જો બે માંથી એક વ્યક્તિ નમ્ર બની જાય તો સામેની વ્યક્તિ પણ ખોટું કરી કરીને થાકી જઇ હાર સ્વીકારવી પડે છે.અંતે બે વચ્ચે સમાધાનનો જન્મ થતો હોય છે. પોતાની ખામીને પોતે જ નષ્ટ કરવાથી વ્યક્તિ અને દુનિયા સુંદર દેખાશે.દુનિયામાં સુંદર વ્યક્તિઓની ખોટ નથી.કોિ વ્યક્તિ વિશે ખોટું નિવેદન આપી સમય વીત્યા બાદ તે નિવેદન અંગે પસ્તાવો થતો હોય છે.કોઇ વ્યક્તિએ ખરા સમયે આપણને મદદ ના કરી હોય ત્યારે અન્ય વ્યક્તિ આપણા દ્વારે દોડી આવતી હોય છે.ત્યારે પણ દુનિયા ખરાબ નથી તેમ લાગે છે. આપણે પ્રતીતી થાય કે દુનીયામાં કોઇક માટે કોઇને મદદ માટે ભગવાન મોકલતી હોય છે.

દુનિયામાં દોષોના ચશ્મા પહેરીને ચાલીશું તો દુનિયામાં દોષો જ નજરે પડશે.આ પ્રકારના ચશ્મા ઉતારવાથી દુનિયા સુંદર દેખાશે નહીં તો દુનિયા તેવી જ દેખાશે. બસ દુનિયામાં સારા-નરસા અનુભવો મેળવીને જીવવૂં પડતું હોય છે. દુનિયા હજી જીવે છે.સારા વ્યક્તિઓની કોઇ ખોટ નથી.સજજનો સાથે સંગ કેળવવાથી આપણે આપણી દુનિયામાં સારા મુલ્યોથી ભરી દઇશું અન તે માટે આપણા ખોટા વિચારોને ટાળવા પડશે.

મથુર વસાવા
સેન્ટ જોસેફ સ્કુલ,ઉના.
જિ.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.